Extra No. 205

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના તારીખઃ ૮મી એપ્રિલ, ૨૦૨૫ના હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૨/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઇ-ફાઇલ/૧૪/૨૦૨૫/૦૮૬૦/સેક્શન-જે.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૨૦૨૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૨/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૮૬૦/સેક્શન-જે: ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૦૪-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૪૪૫/પી સેક્શન, કેવી-૨૦૨૫નો ૦૫-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૪૪૫/પી સેક્શન અને કેવી-૨૦૨૫નો ૦૬-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૪૪૫/પી સેક્શન-થી, ગાંધીધામ નગરપાલિકા અને કિડાણા, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભરડી ગ્રામ પંચાયતોના વિસ્તારોને "મોટા શહેરી વિસ્તાર" તરીકે નિર્દિષ્ટ કરેલ છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તાર" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણ પણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના ચૂંટાયેલા પ્રતિનિધિના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન તાલુકા પંચાયત, ગાંધીધામના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૧૬માંથી ઘટાડીને ૬ કરે છે અને વિદ્યમાન તાલુકા પંચાયત, અંજારના સભ્યોની સંખ્યા ૨૦માંથી ઘટાડીને ૧૮ કરે છે;

૨. જેમને સદરહુ જિલ્લા અને તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	કચ્છ	ગાંધીધામ	૧-અંતરજાળ-૧	લખમીબેન રમેશભાઈ મ્યાત્રા
૨	કચ્છ	ગાંધીધામ	૨-અંતરજાળ-૨	રમીલાબેન ધર્મેન્દ્ર કારમા
૩	કચ્છ	ગાંધીધામ	૩-અંતરજાળ-૩	જીવતીબેન નથુરામ ભટેયા
૪	કચ્છ	ગાંધીધામ	૪-ગળપાદર-૧	નિર્મલાબેન માલશીભાઈ સોલંકી
૫	કચ્છ	ગાંધીધામ	૫- ગળપાદર-૨	અલ્પેશ જીવરામ જરૂ
૬	કચ્છ	ગાંધીધામ	૬- ગળપાદર-૩	ભરતસિંહ નાગુભા જાડેજા
૭	કચ્છ	ગાંધીધામ	૯- કિડાણા-૧	વનાભાઈ મમુભાઈ રબારી

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૮	કચ્છ	ગાંધીધામ	૧૦- કિડાણા-૨	હનીફ મુસા ચાવડા
૯	કચ્છ	ગાંધીધામ	૧૧- કિડાણા-૩	વાલબાઈ નાગશીભાઈ નોરીયા
૧૦	કચ્છ	ગાંધીધામ	૧૬-શિણાય	નિખિલ અમૃતલાલ હડીયા
૧૧	કચ્છ	અંજાર	૮-મેઘપર બોરીચી-૨	પરમાભાઈ ખેતાભાઈ પટેલ
૧૨	કચ્છ	અંજાર	૯-મેઘપર બોરીચી-૩	જીગર હરીશભાઈ ગઢવી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 21:21:13 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar